ફો.કેસ નં. :– ૨૫૬/૨૦૨૦
આંક:– ૨૯

(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903].

Civ.A 27g.

ફો.કેસ નં. :– ૨૫૬/૨૦૨૦
આંક:– ૨૯
**(FILE- C)**

આરોપી તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

મારું નામ:– ગીરીશદાન પિતા/પતિનું નામ:– પરબતસંગ ટાપરીયા

ઉ.વ.:– ૪૫

ધંધો:–એ.એસ.આઈ. સરનામુ:– હળવદ પો.સ્ટે. જી.મોરબી

**સોગંદ આપ્યા.....**

**આરોપી પક્ષે સરતપાસ વિ. વ.શ્રી એલ.જી.સોનગ્રા**

(૧) હું હળવદ પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવું છું. હું હળવદ પોલીસ સ્ટેશનમા છેલ્લા બે–અઢી વર્ષથી ફરજ બજાવું છું. કોઈપણ બનાવ બને તો હળવદ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા આવે. હળવદ પોલીસ સ્ટેશનમાં અરજદારો મૌખીક તથા લેખીત તથા આર.પી.એડી.થી તથા ટપાલ મારફત ફરીયાદો કરતા હોય છે. અરજદારની અરજી અન્વયે અમો અરજદારને તપાસનાં કામે બોલાવતા હોઈએ છીએ અને તે સંબંધીત નીવેદન લેતા હોઈએ છીએ. અરજદારની ફરીયાદ અન્વયે ગુન્હો બનતો બનતો હોય તો એફ.આઈ.આર. નોંધવામાં આવે છે અને જો ગુન્હો બનતો ન હોય તો ફરીયાદ દફતરે (ફાઈલે)કરવામાં આવે છે.

(૨) હું સને ૨૦૨૦માં હળવદ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો હતો. દયારામભાઈ નાગરભાઈ દલવાડી રહે. નવા ઈસનપુરવાળાએ તા. ૨૬/૯/૨૦૨૦નાં રોજની હળવદ પોલીસ સ્ટેશનમાં એચ.ડી.એફ.સી. બેંક,હળવદ શાખાના ચેકો તથા દેના બેંક,હળવદ શાખાના ખાતા નંબર ૦૨૫૬૧૦૦૩૩૨૯૧ના ચેકબુકના ચેક નંબર ૨૮૧૦૪૫, ૨૮૧૦૪૬,૨૮૧૦૪૮ થી ૨૮૧૦૫૦વાળા સહી કરેલા ચેકો તથા બજાજ કંપનીનું પ્લેટીના જીજે ૧૩ એએ ૯૪૮૫ની અસલ આર.સી.બુક તથા ચુંટણીકાર્ડ તથા થેલ્લામાં રહેલ રકમ રૂા. ૨૪,૦૦૦/– જે જયભવાની પેટ્રોલપંપ લખેલ થેલી ખોવાઈ ગયેલ જે બાબતની જાણવાજોગ અરજી આપેલી. મને માર્ક ૧૮/૨ બતાવવામાં આવે છે. આ અરજીમાં દયારામભાઈની સહી છે. માર્ક ૧૮/૨ રજુ દાખલ **આંક ૩૦.**

(૩) દયારામભાઈ નાગરભાઈ દલવાડી રહે. નવા ઈસનપુરવાળાએ હળવદ

*એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

પોલીસ સ્ટેશનમાં તારીખ ૨૦/૧૧/૨૦૨૦નાં રોજ રજીસ્ટર્ડ એડી. મારફતે લેખીત અરજી આવેલી. જે હળવદ પોલીસ સ્ટેશનના અરજી રજીસ્ટર ક્રમ નંબર ૧૨૩/૨૦૨૦ તારીખ ૩૦/૧૧/૨૦૨૦થી નોંધ કરેલ છે. આ નોંધની નકલ આજરોજ હું લાવેલ છું. જેને રજુ દાખલ **આંક ૩૧.** મને માર્ક ૧૮/૩ બતાવવામાં આવે છે. આ અરજીમાં દયારામભાઈની સહી છે. માર્ક ૧૮/૩ રજુ દાખલ **આંક ૩૨.** આ બંને અરજીના કામે પક્ષકારોના નીવેદનો લીધેલા કે કેમ તે તપાસના કાગળો જોઈને હું કહી શકુ. આ બંને અરજીના કામે પક્ષકારોના નીવેદનો આજરોજ હું સાથે લાવેલ નથી. આવા નીવેદનો પોલીસ સ્ટેશનના રેકર્ડમાં તપાસ કરી મળી આવે તો હું રજુ રાખીશ.

**આ તબ્બકે સાહેદ તર્ફે દસ્તાવેજો રજુ કરવા માટે તારીખ ૧૨/૯/૨૦૨૫ની તારીખ આપી.**

સ્થળ:– હળવદ.
તારીખ:– ૨૨/૮/૨૦૨૫
સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

ફો.કેસ નં. :– ૨૫૬/૨૦૨૦
આંક:– ૨૯



**ફરીથી સોગંદ આપ્યા.**

**આરોપી પક્ષે વધુ સરતપાસ વિ. વ.શ્રી એલ.જી.સોનગ્રા**

(૪) મે મારી અગાઉની જુબાનીમા જણાવ્યા મુજબના બંને અરજીના કામે પક્ષકારોના નિવેદનોની ચકાસણી કરતા હળવદ પો.સ્ટે.ના રેકર્ડ પર આવા કોઈ નીવેદનો નથી. મે આ આંક–૩૧ વાળા રજીસ્ટરમા નોંધાયેલ અરજીના કામે ફરીયાદી તથા ફરીયાદીના ભાઈ ભરતભાઈ કલ્યાણભાઈ સોનગ્રાને પો.સ્ટે.મા બોલાવેલાનુ બનેલ નથી. મે આ બંનેને પો.સ્ટે.મા બોલાવી તેઓ સાથે વાતચીત કરી અને બંનેને જવા દિધેલાનુ બનેલ નથી. આ અરજીના કામે મે આરોપીને પો.સ્ટે. બોલાવેલ નથી કે આ કામે તેમનુ નીવેદન પણ લીધેલ નથી. આ અરજી અંગે મે આગળ કાર્યવાહી ન કર્યાનુ ખરુ નથી. મે દયારામભાઈ નાગરભાઈની અરજી હળવદ પો.સ્ટે.મા ૧૨૩ નંબરની ૨૦૨૦ના વર્ષની અરજી ફાઈલ કરી દીધેલ છે અને આ દયારમભાઈ નાગરભાઈની હળવદ એડી. ચીફ જયુડી.મેજી. સાહેબની કોર્ટમા ફો.કે.નં. ૨૫૭/૨૦ના કામે જુબાની આપેલ છે અને તે મુજબ જ આ કેસની પણ તેવી જ હકીકત છે જેનો ચુકાદો તા.૨૩/૧૧/૨૧થી નામ. કોર્ટે ચુકાદો આપેલ છે. આ અરજી ફાઈલે કર્યા અંગેની ''એ'' અરજી રજીસ્ટરમા ફાઈલ કર્યાની નોંધ છે પરંતુ તે અંગેના કોઈ કાગળો પો.સ્ટે.મા ઉપલબ્ધ ન હોવાથી હું રજુ કરી શકુ તેમ નથી.

**ફરીયાદપક્ષે સાહેદની સરતપાસ લગત ઉલટ તપાસ વિ. વ.શ્રી આર.જે.ઝાલા**

(૫) એ વાત ખરી છે કે આ કામના ફરીયાદી અને આરોપી વચ્ચે શુ નાણાકીય વ્યવહાર થયો છે તે અંગે મને કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે આંક–૩૧ના રજીસ્ટરમા હળવદ પો.સ્ટે.મા ૧૨૩ નંબરની ૨૦૨૦ના વર્ષની નોંધાયેલ અરજીના કામે કોઈ ગુનો દાખલ થયેલ નથી. મારી પાસે રેકર્ડ ઉપલબ્ધ ન હોવાથી એ હું કહી શકુ નહી કે, તપાસ દરમ્યાન ફરીયાદી દયારામભાઈએ જણાવેલ કે મારે આગળ કોઈ કાર્યવાહી કરવી નથી તેથી અરજી ફાઈલે કરેલી. એ વાત ખરી છે કે આ અરજી ફાઈલ થઈ ગયેલ છે.

ફેર તપાસ નથી.

સ્થળ:– હળવદ.

તારીખ:– ૨૪/૧૧/૨૦૨૫

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.